ગુજરાત ગ્રામ હાટ ભવન, અંજલિ ચાર રસ્તા પાસે, વાસણા, અમદાવાદ ૩૮૦ ૦૦૭.

# વોક ઈન ઈન્ટરવ્યૂ

ગુજરાત હાઉસીંગ બોર્ડ

હાઉસીંગ કમિશ્નરશ્રી, ગુજરાત હાઉસીંગ બોર્ડ, અમદાવાદની કચેરીમાં નીચે મુજબની જગ્યા પર રૂ. 30,000/- (અંકે ત્રીસ હજાર પુરા) ના માસિક ફિકસ વેતનથી તદન હંગામી ધોરણે ૧૧ (અગિયાર) માસના કરારના ધોરણે નિમણૂંક આપવા માટે હાઉસીંગ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત હાઉસીંગ બોર્ડ પ્રગતિનગર નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩ ખાતે તા.૧૪/૦૫/૨૦૨૫ ના રોજ સમય બપોરે ૧૫:૦૦ કલાકે વોક-ઈન-ઈન્ટરવ્યૂ રાખવામાં આવેલ છે.

આ ઈન્ટરવ્યૂ માં ઈચ્છુક ઉમેદવારોએ પોતાની સંપૂર્ણ વિગતો સહ જરૂરી અસલ પ્રમાણપત્રો તથા તેની ખરી નકલ અને બે ફોટો ગ્રાફસ સાથે ઉપસ્થિત રહેવાનું રહેશે. તેમજ આ વોક ઈન ઈન્ટરવ્યૂના રજીસ્ટ્રેશન માટેનો સમય સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦ દરમિયાનનો રહેશે. ભરતી અંગેની શરતો કચેરીના નોટીસ બોર્ડ પર કચેરી સમય દરમિયાન જોઈ શકાશે. આ નિમણૂંક માટે જરૂરી અસલ પ્રમાણપત્રો તથા તેની ખરી નકલ સાથે સ્વખર્ચે હાજર થવાનું રહેશે.

| જગ્યાનું નામ | સંખ્યા | પાત્રતા/લાયકાત |
|---|---|---|
| લીગલ એડવાઈઝર (Full Time) | ૧ (એક) | ૧. વયમર્યાદા ૪૫ વર્ષથી વધુ ન હોવી જોઈએ.<br>૨. માન્ય યુનિવર્સિટી માંથી એલ.એલ.બી.ની ડીગ્રી મેળવેલ હોવી જોઈએ.<br>૩. ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ માં જણાવ્યા મુજબ કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ.<br>૪. ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી ભાષાનું સંપૂર્ણ જ્ઞાન ધરાવતાં હોવા જોઈએ.<br>૫. નામ.હાઈકોર્ટ કે તેના સબોર્ડીનેટ કોર્ટની કે કાયદા હેઠળ સ્થાપિત સંસ્થા, ગર્વમેન્ટ અન્ડરટેકિંગ બોર્ડ, કોર્પોરેશન કે લીમીટેડ કંપનીમાં એડવોકેટ કે એટર્ની તરીકેની કામગીરીનો ત્રણ વર્ષનો અનુભવ ધરાવતા હોય અને તે અંગેનું હાઈકોર્ટના રજીસ્ટ્રાર જનરલશ્રીનું, સંબંધિત કોર્ટના પ્રિન્સિપાલ જ્યુડીશીયલ ઓફિસરશ્રીનું, પ્રિન્સિપાલ ડિસ્ટ્રીક્ટ જજશ્રીનું કે સીટી સીવીલ કોર્ટના પ્રિન્સિપાલ જજશ્રીનુ પ્રમાણપત્ર ધરાવતાં હોવા જોઈએ. તેમજ બાર કાઉન્સીલના સભ્ય હોવા જોઈએ.<br>૬. ગુજરાતી ભાષા બોલી, વાંચી અને લખી શકતા હોવા જોઈએ તથા ગુજરાતીમાંથી અંગ્રેજીમાં અને અંગ્રેજીમાંથી ગુજરાતીમાં ભાષાંતર કરી શકવા સક્ષમ હોવા જોઈએ અને તે અંગેનું તે અંગેનું હાઈકોર્ટના રજીસ્ટ્રાર જનરલશ્રીનું પ્રમાણપત્ર, સંબંધિત કોર્ટના પ્રિન્સિપાલ જજશ્રીનું પ્રમાણપત્ર તેમજ કોઈ બોર્ડ, કોર્પોરેશન કે લીમીટેડ કંપનીમાં કેસમાં હેડ ઓફિસરનું પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઈએ.<br>૭. કોઈ ગુનાહિત કૃત્યોમાં સંડોવાયેલા નહીં હોવા અંગેનું સેલ્ફ ડેકલેરેશન રજુ કરવાનું રહેશે. |

તા.૨૮/૦૪/૨૦૨૫

સ્થળ: અમદાવાદ

વહીવટી અધિકારી
ગુજરાત હાઉસીંગ બોર્ડ,
અમદાવાદ

(ક્રમાંક/સંમાનિ/અમદ/૧૬૦/૨૦૨૫)